**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૧.૧૧.૨૦૧૧**

## મલાડ અને બોરીવલી ખાતે મુસાફરો માટે બસ સ્થાનકો નું પુનર્નિર્માણ

### *હાઈવે પર બસસ્થાનકો કેવા હોવા જોઈએ તેનો મહારાષ્ટ્ર ને દાખલો : રામ નાઈક*

**મુંબઈ,સોમવાર :** માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકનાં સાંસદ ભંડોળમાંથી મલાડ અને બોરીવલી ખાતે બાંધવામાં આવેલા બે ભવ્ય પ્રવાસી બસ સ્થાનકો નું એમએમઆરડીએ મારફત પુનર્નિર્માણ થયું તેના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી રામ નાઈકે કહ્યું હતું કે "રોજના આશરે પાંચ હજાર લોકો જે બસસ્થાનક નો ઉપયોગ કરતા હોય તેના માટે મહારાષ્ટ્ર પ્રાધિકરણ બોર્ડ પાસે કોઈ યોજના ન હતી જે નવાઈ ની બાબત છે. અમે આ વિષય પર ધ્યાન દોરી એમએમઆરડીએ ને બંન્ને મલાડ અને બોરીવલી ખાતે ના પશ્ચિમ દ્રુતગતી માર્ગ પરના પ્રવાસી બસ સ્થાનકો બાંધી આપવાની ફરજ પાડી હતી, જેનો અમને આનંદ છે." પૂર્વ પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે મલાડ અને બોરીવલી ખાતે પશ્ચિમ દ્રુતગતી માર્ગ પરના પ્રવાસી બસસ્થાનકો ના ઉદ્ઘાટન પ્રસંગે વધુ માહિતી આપતા કહ્યું હતું કે "૧૯૯૫ -૧૯૯૬ દરમ્યાન મારા સાંસદ ભંડોળમાંથી બનાવેલ હાઈવે પર ના આ બસસ્થાનકો લાંબી મુસાફરી માટે જતાં લોકો માટે ઘણાં ઉપયોગી હતા. ચોમાસા અથવા આકરા તડકામાં બહાર ગામ જતા લોકો બસ ની રાહ જોતા ઊભા રહે તે વેળાં આ બસ સ્થાનકો માં બેસી છાપરા તળે ઊભા રહી રાહત અનુભવતા, એ સિવાય આબાલ,વૃધ્ધ, મહિલા સહુને શૌચાલય ની સગવડ પણ રહેતી હતી. પરંતુ એમએમઆરડીએ મારફત ફલાય ઓવર બનાવવા અને હાઈવે પહોળા કરવા ખાતર આ બસ સ્થાનકો તોડી પડાતા દરેક વર્ગના મુસાફરો ને ભારે હાલાકી વેઠવી પડી હતી. જાગૃતી કેંદ્રના અધ્યક્ષ શ્રી રામ બારોટ, સામાજીક કાર્યકર શ્રી ગણેશ ખાણકર અને મેં પોતે વારંવાર એમએમઆરડીએ સમક્ષ આ પ્રવાસીઓની હાલાકી ની અને બસસ્થાનકના પુનર્નિર્માણ ની રજૂઆત કરી અને આખરે એમએમઆરડીએ આ બસસ્થાનક ફરી બાંધી આપવા સહમતી દર્શાવી અને આજે તેનું લોકાર્પણ થયું તે બદલ હું આનંદ ની લાગણી અનુભવું છું. આજ પ્રમાણે આખાય મહારાષ્ટ્ર માં ફકત એક થાંભલો ઊભો કરી બસ સ્થાનક હોવાનું જાહેર કરતી મહારાષ્ટ્ર સરકારે આવા સુવિધાપૂર્ણ બસ સ્થાનકો બાંધી મુસાફરો ની કાળજી લેવી જોઈએ અને હાઈવે પર બસ સ્થાનકો કેવા હોવા જાઈએ તેનો મલાડ અને બોરીવલી ના બસસ્થાનકો નો દાખલો બેસાડે તેવુ હું અહી સુચન કરું છું" વિશેષ ઉલ્લેખનીય બાબત એ છે કે ૧૯૯૫-૯૬ માં રૂ. ૬.૫૦ લાખમાં બંધાયેલ આ બસ સ્થાનકોના પુનર્નિર્માણ માટે આજે એમએમઆરડીએને મલાડ ખાતે રૂ.૧૫ લાખ અને બોરીવલી માટે રૂ.૧૩ લાખ ૨૦ હજાર નો ખર્ચ બેઠો હતો.

આ બંન્ને સ્થાનકો ની જાળવણી અને સંચાલન સંભાળનાર જાગૃતી કેંદ્ર ના અધ્યક્ષ શ્રી રામ બારોટે આ પ્રસંગે તેમના પ્રસ્તાવિક માં શ્રી રામ નાઈક ને અભિનંદન આપતાં બસ સ્થાનકો થી લાભ મેળવનારા અને બસ સ્થાનકો તોડી પડાયા બાદ મુસાફરો ની થતી હાલાકી ની રજૂઆત કરી બાળકો અને મહિલાઓ માટે આ વ્યવસ્થા વિશેષ આર્શીવાદરૂપ હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે મલાડ ખાતે ધારાસભ્ય શ્રી યોગેશ સાગરે "જનપ્રતિનીધી ન હોવા છતાંય વધુ માં વધુ લોકોપયોગી કામ કેમ કરી શકાય તેનો ઉત્તમ દાખલો બેસાડવાનું કામ અન્ય રાજકીય પક્ષ ને પણ શ્રી રામ નાઈકે કરી બતાવ્યું છે " તેમ કહી શ્રી રામ નાઈકને અભિનંદન આપ્યા હતા. બોરીવલી ખાતે ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટીએ શ્રી રામ નાઈક ને અભિનંદન આપતાં કહ્યું હતું કે પ્રકલ્પનાં કારણે બાધિત સાર્વજનિક ઉપક્રમનું એમએમઆરડીએ દ્વારા પુનર્નિર્માણ નો કદાચ આ પહેલો જ અવસર હશે.

આ પ્રસંગે શ્રી રામ નાઈક અને જાગૃતી કેંદ્ર અને તેના અધ્યક્ષ,નગરસેવક શ્રી રામ બારોટ ને અભિનંદન આપતાં ડૅ.મેયર શ્રીમતી શૈલજા ગિરકર, માજી ધારાસભ્ય અને મુંબઈ ભાજપનાં ઉપાધ્યક્ષ શ્રી હેમેંદ્ર મહેતા,ઉત્તર મુંબઈ ભાજપના અધ્યક્ષ શ્રી જગદીશ પટેલ, નગરસેવક અને ઉત્તરપશ્ચિમ જીલ્હાના ભાજપ અધ્યક્ષ શ્રી દિલીપ પટેલ, અનુસુચિત જાતી મોર્ચાના મહામંત્રી શ્રી રમેશ મેઢેકર એમએમઆરડીએના શ્રી કવટકરનાં પ્રાસંગિક વકતવ્યો થયાં હતા.

બસસ્થાનકના આર્કિટેકટ શ્રી નીતીન પ્રધાન, કોન્ટ્રકટર શ્રી સજજન પવાર, શ્રી ઋષીકેશ ફડકે અને નિઃશુલ્ક રંગકામ કરી આપનારાં રંગશલાકા ના શ્રી શેટયે નું શ્રી રામ નાઈક ના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાથે શિક્ષણ સમિતી ના અધ્યક્ષ શ્રી વિનોદ ઘેડિયા,પ્રભાગ સમિતી અધ્યક્ષ શ્રી શિવકુમાર ઝા,શ્રી પ્રવિણભાઈ શાહ તેમજ નગરસેવકો સર્વશ્રી મોહન મીઠબાવકર, વિદ્યા ઠાકૂર,ભારતી કેણી શૃંગારપુરે, જાગૃતી કેંદ્રના શ્રી સુરેંદ્ર વિકલ, શ્રી શાંતીભાઈ ચૌહાણ એમએમઆરડીએ નાં જનસંર્પક અધિકારી શ્રીમ.કદમ, મહારાષ્ટ્ર ભાજપના ઉપાધ્યક્ષા શ્રીમ.મનીષા ચૌધરી, ભાજપ મુંબઈનાં મહામંત્રી શ્રી અતુલ ભાતખળકર,ઉપાધ્યક્ષદ્વય શ્રી જયપ્રકાશ ઠાકૂર, શ્રી કરૂણાશંકર ઓઝા, ઉત્તર મુબઈનાં મહામંત્રી સર્વશ્રી દીલીપ પંડિત, ઍડ.જયપ્રકાશ મિશ્રા, શ્રીકાંત પાંડે, અને અનેક માન્યવર સામાજીક આગેવાનો, કાર્યકરો તેમજ બોરીવલી અને મલાડ ના સેંકડો નાગરીકો ની ઉપસ્થિતી રહી હતી.

મલાડ અને બોરીવલી ના કાર્યક્રમો નું સંચાલન અનુક્રમે શ્રી વિનોદ શેલાર અને શ્રી ગણેશ ખણકરે કર્યું હતું.રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનો સમારોપ થયો હતો.

**(અધ્યક્ષ) વતી**